# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૪ તા.૦૬-૦૮-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : 'હર ઘર તિરંગા' કાર્યક્રમના આયોજન અને અમલીકરણ બાબત.
સંદર્ભ : ક્રમાંક : મઉમશબ / સંશોધન / ૨૦૨૪ /૨૨૮૪-૨૩૮૪ તા.૦૫/૦૮/૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપણો રાષ્ટ્રધ્વજ આપણા દેશની એકતા, અખંડીતતા અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક છે. ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્ર્યતા પર્વ ૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અન્વયે તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજ લહેરાવી રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણેની સ્પર્ધા તથા પ્રવૃત્તિઓનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

સદર કાર્યક્રમ અંતર્ગત તા.૦૯-૦૮-૨૦૨૪ના રોજ તમામ શાળાઓમાં સ્વાતંત્ર્ય સેનાનીના જીવન કવન ઉપર રેલીનું આયોજન કરવું તેમજ રેલીમાં વિદ્યાર્થીઓ દ્વારા વેશભૂષામાં ભાગ લેવાનો રહેશે તેમજ નીચેની પ્રવૃત્તિ/સ્પર્ધાનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

- રંગોળી સ્પર્ધા
- ભારતના રાષ્ટ્રધ્વજની વિકાસયાત્રા(વિદ્યાર્થીઓ જાતે ચાર્ટ પેપર પર ધ્વજ દોરી તેનો ઈતિહાસ લખી પ્રદર્શિત કરે)
- તિરંગાના મહત્વ પર વક્તૃત્વ સ્પર્ધા-નિબંધ સ્પર્ધા યોજવી.
- તિરંગાને લગતા ગીતો ગાવાની સ્પર્ધા યોજવી
- શેરી નાટક / એકપાત્રીય અભિનયના કાર્યક્રમો
- શાળાના મેદાનમાં વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા, ગુજરાત અને દેશના નકશાનું ચિત્રાંકન કરવું

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૬-૦૮-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024/2284-2384
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 05/08/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ),
શાસનાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- 'હર ઘર તિરંગા' કાર્યક્રમના આયોજન અને અમલીકરણ બાબત.
સંદર્ભ :- શિક્ષણ વિભાગની બેઠકમાં માન.અધ્યક્ષશ્રી સાથે થયેલ ચર્ચા અનુસાર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૧૫મી સ્વતંત્ર્ય પર્વ ૨૦૨૪ની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અન્વયે રાજ્યની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજ લહેરાવે તે થકી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના જાગે તે હેતુસર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માટે જણાવવામાં આવે છે. ભારતનો રાષ્ટ્રધ્વજ પ્રત્યેક ભારતીયની આશાઓ અને આકાંક્ષાઓને પ્રતિનિધિ કરે છે. આપણો રાષ્ટ્રધ્વજ એકતા, અખંડીતતા અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતિક છે. આપણું રાષ્ટ્રધ્વજ એ આન, માન અને શાન છે. ધો-1 થી 8 અને ધો-9 થી 12 ના વિદ્યાર્થીઓ તમામ શાળાઓમાં રાષ્ટ્રધ્વજ લહેરાવે તે હેતુસર અત્રેની કચેરી દ્વારા આપના જિલ્લાની શાળાઓના ધોરણ-1 થી 8 અને ધોરણ-9 થી 12 ના વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે રાષ્ટ્રધ્વજ મોકલી આપવામાં આવશે. રાષ્ટ્રધ્વજ એ રાષ્ટ્રીય પ્રતિક છે. તેનું સન્માન જળવાઇ તે રીતે રાષ્ટ્રધ્વજનું આપના જિલ્લાની તમામ શાળાઓમાં વિતરણ કરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

સદર કાર્યક્રમના ભાગરૂપે તા.09/08/2024ના રોજ સમગ્ર રાજ્યમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન અને કવન વિશે જાણકારી મળે તેમજ તેમના રાષ્ટ્રભક્તિના કાર્યો, પ્રવૃત્તિ અને આદર્શોને પ્રદર્શિત કરી શકાય તે હેતુસર જિલ્લા કક્ષાએ રેલીનું આયોજન કરવામાં આવે તેમજ ઉક્ત રેલીમાં વિદ્યાર્થીઓ વેશભૂષામાં ભાગ લે તે માટે આચાર્યશ્રીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરુ પાડશો. તેમજ સદર કાર્યક્રમના ભાગરૂપે જિલ્લા અને શાળા કક્ષાએ ધોરણ-1 થી 8 અને ધોરણ-9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે નીચે દર્શાવેલ પ્રવૃતિ/સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

- રંગોળી સ્પર્ધા
- ભારતના રાષ્ટ્રધ્વજની વિકાસયાત્રા (વિદ્યાર્થીઓ જાતે ચાર્ટ પેપર પર ધ્વજ દોરી તેનો ઈતિહાસ લખી પ્રદર્શિત કરે)

- તિરંગાના મહત્વ પર વકતૃત્વ સ્પર્ધા-નિબંધ સ્પર્ધા
- તિરંગાને લગતા ગીતો ગાવાની સ્પર્ધા
- શેરી નાટક / એક પાત્રીય અભિનયના કાર્યક્રમો
- શાળા મેદાનમાં વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા, ગુજરાત અને દેશના નકશાનું ચિત્રાંકન વગેરે

ઉપરોક્ત કાર્યક્રમના સફળતાપૂર્વક આયોજન અને અમલીકરણ માટે આપની કક્ષાએથી આપના તાબાની ધોરણ-1 થી 8 અને ધોરણ-9 થી 12 ની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલસારું સૂચના આપવા માટે જણાવવામાં આવે છે. જે આપશ્રીને વિદિત થાય.

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નિયામક
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-9, ગાંધીનગર.
- માન.અંગત સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, બ્લોક નં-5/7, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના (જાણ સારૂં) :-

- સચિવશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-17, ગાંધીનગર.